# હવે ડાયમંડમાં પણ વાયદાના વેપાર થશે

ડાયમંડ ઉદ્યોગને વાયદાના વેપારનો લાભ મળવાનો તખ્તો ગોઠવાઈ ચૂક્યો છે. છેલ્લાં એક વર્ષના ગાળામાં ડાયમંડના ભાવમાં યુએસ ડોલરના સંદર્ભમાં ૨૫થી ૩૦ટકાનો ઘટાડો નોંધાયો છે. જંગી ઈન્વેન્ટરી ધરાવવાને કારણે ભારતના ડાયમંડ ઉદ્યોગને ખોટ ખાવી પડી છે અને મૂડીનું ધોવાણ થયું છે. જો ડાયમંડમાં વાયદાનો વેપાર ચાલતો હોત તો આ બજારમાં પોતાના ઊભાં ઓળિયાં (પોઝીશન)ને હેજ કરીને આ ખોટ ઘટાડી શકાઈ હોત.

જોકે, પરિસ્થિતિ હવે બદલાઈ રહી છે. ઇન્ડિયન કોમોડિટી એક્સચેન્જ (આઈસીઈએક્સ) બજાર નિયમનતંત્ર સેબીની મંજૂરીને આધીન ડાયમંડમાં વાયદા વેપારના કોન્ટ્રેક્ટ આ વર્ષના ઓગસ્ટ મહિનાથી શરૂ કરવાની યોજના ધરાવે છે.

ગત મહિને, સેબીએ ડાયમંડ વાયદાના કોન્ટ્રેક્ટ વિષે ડાયમંડ ઉદ્યોગના ભારતભરના પચાસેક જેટલા ખેલાડીઓ સાથે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી હતી. આ અગાઉ, આઈસીઈએક્સે પોતાના પ્લેટફોર્મ પર ડાયમંડ વાયદાનો વેપાર શરૂ કરવા સેબીની મંજૂરી માગી હતી. વિશ્વમાં સૌપ્રથમવાર ઇન્ડિયન કોમોડિટી એક્સચેન્જ પર ડાયમંડ વાયદાના વેપારનો પ્રારંભ થશે.

આઈસીઈએક્સ પોતાના પ્લેટફોર્મ પર માત્ર પ્રમાણિત ગુણવત્તા (સર્ટિફાઇડ ક્વોલિટી)ના ડાયમંડના જ વેપારની છૂટ

**કરંટ ટોપીક**

આપશે. કોન્ટ્રેક્ટ પાકતા વેચનારે એક્સચેન્જ પર પ્રમાણિત ગુણવત્તાના ડાયમંડની ડિલીવરી ઉતારવાની રહેશે અને ખરીદનારે આ પ્રમાણિત ગુણવત્તાના ડાયમંડની ડિલિવરીનો ઉપાડ ઈલેક્ટ્રોનિક સ્વરૂપે કરવો પડશે. ભૌતિક (ફિઝિકલ) સ્વરૂપે નંગની ડિલિવરી પ્રાપ્ત કરવા ખરીદનારે કોન્ટ્રેક્ટમાં નિર્દિષ્ટ નંગની સાઈઝના સમકક્ષ યુનિટ એકત્રિત કરવાના રહેશે. આના પગલે, જ્વેલર અને ડાયમંડ ઉદ્યોગને એકદમ નવું બજાર ઉપલબ્ધ બનશે. ફિઝિકલ બજારમાં પરંપરાગતરૂપે રોકાણ કરનાર ખરીદનારે ખરીદેલા નંગના પુનઃ વેચાણ માટે ઘણી અડચણો વેઠવી પડે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને આઈસીઈએક્સે છેડછાડ ન થઈ શકે તેવા પ્રમાણિત (ટેમ્પર પ્રૂફ) નંગની જોગવાઈ કરી હોઈ ચકાસણી (વેરિફિકેશન) અને કાયદેસરતા આધારિત પુનઃ વેચાણની સુવિધા એક્સચેન્જના પ્લેટફોર્મ પર ઉપલબ્ધ છે. એક્સચેંજ પર ૧ કેરેટ, ૫૦ સેન્ટ્સ અને ૩૦ સેન્ટ્સની લોટ સાઈઝના ત્રણ માસિક અલગ-અલગ કોન્ટ્રેક્ટસ ઉપલબ્ધ બનશે. કોન્ટ્રેક્ટ પાકતાં ડિલિવરી ફરજિયાત સુરત ખાતે ઉતારવાની રહેશે, જે ભાવ અને ડિલિવરીનું મૂળ કેન્દ્ર છે.

આઈસીઈએક્સ સંપૂર્ણપણે નવા બજારનું નિર્માણ કરી રહ્યું છે. જ્યાં વેચનાર વિવિધ વર્ગના ખરીદનારાઓને પ્રમાણિત ગુણવત્તાના ડાયમંડનું વેચાણ કરી શકશે. ખરીદનાર પોતાના ભાવો ક્વોટ કરી શકશે.

હાલમાં ડાયમંડમાં ભારત ભાવ પ્રાપ્ત કરનારની ભૂમિકામાં છે. ડાયમંડમાં વાયદા વેપારના પ્રારંભ બાદ આ પરિસ્થિતિ બદલાશે અને સ્થાનિક બજારમાં ભાવ શોધ (પ્રાઈસ ડિસ્કવરી)ની પ્રક્રિયાનો પ્રારંભ થવાની સાથે આંતરરાષ્ટ્રીય બજાર ભારત પાસેથી ભાવના સગડ મેળવી શકશે.